# મારી વાત

કૉલેજકાળથી કવિતા પ્રત્યેની રુચિને લીધે ગદ્ય તરફ ગંભીરતાથી વર્તેલો નહીં. પણ સોશિયલ મીડિયાના જમાનામાં ફેસબુક પર 'સજ્જડ સર્વે'ના શીર્ષક સાથે વનલાઇનર લખવાની શરૂઆત લગભગ ૨૦૧૯ આસપાસથી થઈ. કેટલાંક વનલાઇનર ખૂબ વાઇરલ થયાં. કોવિડકાળ દરમિયાન છૂટા પડેલા મિત્રો ફરી સંપર્કમાં આવતાં નાનપણનાં પરાક્રમો અંગેની વિગત ફેસબુકમાં મૂકેલી. મિત્રોએ એને વધાવી અને આ પરાક્રમો અંગે વિશેષ લખવાનો આગ્રહ કર્યો, જેને પરિણામે 'ગામગોકીરો' શીર્ષક સાથે કેટલાક લેખ બ્લૉગ પર મૂક્યા. લોકોને ગમ્યા. દર રવિવારે એક લેખ લખાતો રહ્યો. વિદ્યાર્થીકાળ દરમિયાન શેરીનાટકોમાં સૌથી કૉમિક-રોલ કાયમ મારે ભાગે આવતો. વળી હું સ્વભાવગત ટીખળી પણ ખરો. અવળું અવલોકન કરવાની આદત મને આવા લેખ લખવામાં ઉપયોગી થઈ.

પત્રકાર દિલીપ ભટ્ટ મારા લેખ વાંચી મને જરૂરી સૂચનો કરે. કવિ પંકજ ચૌહાણ 'શીરા જેવો હતો' એમ કહી પોરસાવે. મુકેશ જોગી અવારનવાર કહે 'એક જ બેઠકે વાંચી નાખ્યો!' તો મુકેશ દવે 'ગામગોકીરો' શબ્દ માટે કાયમ 'રૉયલ્ટી'ની ઉઘરાણી કરે. કવિમિત્રો ધર્મેશ ઉનાગર, પ્રકાશ મકવાણા, ઉમેશ જોશી, કિશોર બારોટ, પારુલ ખખ્ખર, ઉદય દેસાઈ, બાલકિશન જોગી, અગન રાજ્યગુરુ, હિમલ પંડ્યા, ડૉ. કેતન કાનપરિયા, વિમલ અગ્રાવત, મનોહર ત્રિવેદી, ડૉ. ફિરદોસ દેખૈયા, ડૉ. વિનોદ રાવલ અને પ્રિય મિત્રો ડૉ. ધ્રુવ મહેતા, ગુણવંત સોરઠિયા, ગુણવંત ધોરડા, રવિ સેગલિયા, જગદીશભાઈ પોપટ મારા બાંધેલા ઘરાક!

મારી આસપાસના જીવનમાં મને હસવાની અને હસાવવાની મળતી સૂક્ષ્મ તકને ક્યારેક હું ઝડપી લઉં. વ્યંગ અને ચાતુર્યના વાઘા પહેરાવેલું હાસ્ય મને ગમે. ગામડાંઓમાં 'સુવાણ'ના નામે ગલીના નાકે કે ચોકમાંથી મને ઘણો વારસો પ્રાપ્ત થયો. સમય જતાં મારા લેખ 'સમય મિરર'માં પ્રકાશિત થયા. એક વર્ષ સુધી આ ઉપક્રમ સુંદર રીતે ચાલ્યો. શ્રી બોરીસાગરસાહેબ પાસે મારો લેખ ક્યાંકથી પહોંચ્યો એટલે એમણે ફોન કરી મને જરૂરી માર્ગદર્શન આપ્યું અને અન્ય હાસ્યલેખકોને વાંચી એનો અભ્યાસ કરવાનું એમનું સૂચન

મેં માન્યું. સામયિકોના જૂના અંકોથી માંડી લાઇબ્રેરીમાંથી લાવી હાસ્યલેખોનાં પુસ્તકો મેં વાંચ્યાં. વૈવિધ્યપૂર્ણ લેખોનો અભ્યાસ કરવાથી અજાણી વાનગીના સ્વાદ જેવો આનંદ મેળવ્યો. પદ્ય સમાન કોઈ છંદ-શાસ્ત્ર વગેરેનું ઔપચારિક કૌશલ્ય 'હાસ્યલેખ' લખવામાં ઉપલબ્ધ (ભારી મતિને અનુકૂળ ન હોવાથી) ન હોવાથી મને સૂઝે એવું લખતો રહ્યો છું. છતાં કોઈ ઘરઘરાઉ વેપારીની જેમ મારું સાહિત્યજગતમાં ચાલ્યું છે. આજે પણ મને હાસ્યલેખ કેમ લખાય એની કોઈ 'વિધિ' કે શાસ્ત્ર, મીમાંસા અંગે પૂછવામાં આવે તો એના જવાબમાં એક નવો હાસ્ય (હાસ્યાસ્પદ) લેખ જરૂર થાય, પણ એ અંગે હું કશું 'નક્કર' કહી ન શકું.

જ્યોતીન્દ્ર દવે, રતિલાલ બોરીસાગર, ધીરજલાલ મહેતા, બકુલ ત્રિપાઠી, વિનોદ ભટ્ટ, રમણભાઈ નીલકંઠ, મધુસૂદન પારેખ, તારક મહેતા, શાહબુદ્દીન રાઠોડનાં કેટલાંક પુસ્તકો અને લેખો મેં વાંચ્યાં છે. મારા પૂર્વસૂરિઓ સમાન નિર્દોષ અને સર્વભોગ્ય હાસ્ય પીરસવું કઠિન છે, છતાં એમાંથી શીખવાનો પ્રયત્ન કરું છું. સાંપ્રત સમયમાં સુંદર હાસ્યનિબંધો લખતા શ્રી નીતિન ઢાઢોદરા, નટવર પંડ્યા, અધીર અમદાવાદી, મયૂર ખાવડુ, પ્રથમ પરમાર જેવા યુવા લેખકો સાથેની ચર્ચાઓમાંથી ઘણું શીખવા મળ્યું છે. મારા મુરબ્બી અને માર્ગદર્શક કવિ હર્ષદ ચંદારાણાએ મોટાભાગના લેખ વાંચીને મને શીર્ષક અને ભાષા બાબતે કેટલુંક માર્ગદર્શન આપેલું. એથી કેટલાંક શીર્ષકો મેં બદલ્યાં છે. પ્રસ્તુત સંગ્રહ માટે ડૉ. બોરીસાગરસાહેબ અને ઝેન ઓપસનો આભાર વ્યક્ત કરું છું.

મારો ગીતસંગ્રહ લઈને પ્રસ્તાવના લખાવવા માટે જ્યારે કવિ પ્રણવ પંડ્યા પાસે ગયો ત્યારે એમણે ભારપૂર્વક કીધેલું, 'હાસ્યનિબંધનો સંગ્રહ પહેલા કર.' કવિ અને અધ્યાપક ડૉ. ગુણવંત વ્યાસસાહેબે પણ પુસ્તક માટે શિષ્ટભાષામાં ઉઘરાણી કરેલી. કવિ અગન રાજ્યગુરુએ મને 'ટૂંકો પગારી' કહીને પુસ્તકની માંગ વ્યંગાત્મક રીતે ચાલુ રાખી. આ બધાના કહેવા પ્રમાણે (ચોરની વાદે ચણા ઉપાડ્યાની જેમ) આ પુસ્તક 'સજ્જડ સર્વે' કરી રહ્યો છું.

વિશ્વવાત્સલ્ય, દશાશ્રીમાળી, મંગલમંદિર, સોનીસંદેશ, સમય મિરર, ગુલમહોર જેવાં સામયિકોમાં મારા લેખ (કોઈ પણ પ્રકારની લેતીદેતી વગર!) છપાયા છે એનો આનંદ અને સાથોસાથ આભાર વ્યક્ત કરું છું.

## અનુક્રમણિકા


1. ઑપરેશન . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . 1
2. જમણવારનો અંતિમ સાર : સારથિયા . . . . . . . . . . . . . . . . . 10
3. માર્ચ એન્ડિંગ; ટાર્ગેટ પેન્ડિંગ . . . . . . . . . . . . . . . . . . . . . . . 15
4. માનવાચક શબ્દોનું મુંડન! . . . . . . . . . . . . . . . . . . . . . . . . . 18
5. મમરાનાં 'ભાથાં' બાંધી શું ચાલી નીકળ્યા? . . . . . . . . . . . . . 21
6. ભદ્રંભદ્રનું ફેસબુક એકાઉન્ટ . . . . . . . . . . . . . . . . . . . . . . . 24
7. ફોટોગ્રાફર . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . 28
8. પેટ v/s મગજ : એક તુલનાત્મક અભ્યાસ . . . . . . . . . . . . . . 32
9. પંડપીડાનો પ્રમાણભૂત એકમ : પિંડી . . . . . . . . . . . . . . . . . 36
10. તકિયા-કલામની કમાલધમાલ . . . . . . . . . . . . . . . . . . . . . . 41
11. હવે તો કબૂલો : 'જાતમહેનત મુર્દાબાદ' . . . . . . . . . . . . . . 46
12. 'ખિસ્સા'ના રોચક કિસ્સા . . . . . . . . . . . . . . . . . . . . . . . . 50
13. કાષ્ઠકળાનો છેલ્લો નમૂનો : ખાટલો . . . . . . . . . . . . . . . . . 54
14. ખરીદો... ખરીદો... દુનિયાના લોકો . . . . . . . . . . . . . . . . . 57
15. રોટલા, ચોટલા અને ઓટલાનો ત્રિવેણી સંગમ = સુખ! . . . . . . . 61
16. આળસ પરમો ધર્મ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . 65
17. આમાં બહુ મંદી છે... હવે લાઇન ફેરવો . . . . . . . . . . . . . . 68
18. આ જા નીંદરા હું નહીં વારું . . . . . . . . . . . . . . . . . . . . . 72
19. અમારી દિવાળી અમર છે . . . . . . . . . . . . . . . . . . . . . . . 76
20. માળિયાસફાઈ-ડે : છાનોછાનો ઊજવાતો સાચા પ્રેમનો તહેવાર . . . . . . . . 80
21. લોકલ બસ મહિમાગાન . . . . . . . . . . . . . . . . . . . . . . . . 84
22. ચાલો શૅરબજારનું કરીએ! . . . . . . . . . . . . . . . . . . . . . . 88
23. શિખાઉ કારીગર . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . 92
24. યમરાજની કોર્ટમાં ભાષાશિક્ષક . . . . . . . . . . . . . . . . . . . 96
25. માવાની પોટલીએ કોનાં મનડાં મોહ્યાં રે? . . . . . . . . . . . . 100
26. જૂજવે રૂપ અનંત ભાસે . . . . . . . . . . . . . . . . . . . . . . . 104
27. ગૉળ વિના મોળો કંસાર : ખટપટ વિના મોળો સંસાર . . . . . . . 108
28. ખરાબ રોડથી થતા ફાયદા...! . . . . . . . . . . . . . . . . . . . . 111
29. ગબ્બરનો જબ્બર ઇન્ટરવ્યૂ . . . . . . . . . . . . . . . . . . . . . 115
30. પુરુષોને ફેશનમાં થયેલો અન્યાય! . . . . . . . . . . . . . . . . . 119